# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧




ઇંદ્રને થઇ ગેરસમજ હું જ મોટો છું!
ભારતીય જનતા પક્ષનો હું જ ફોટો છું!
લાલ-કૃષ્ણએ ઉંચક્યો ગોવર્ધન ટચલીએ -
શિવરાજે કહ્યું નમ્રતાથી હું જ છોટો છું!!




'ક્રિકેટ' જાણે -
ખંધા વેપારીઓની
દલાલ સ્ટ્રીટ!
(શેર હોર્સ્ડર્સ ક્રિકેટ કાું)

ભરી નાખે છે
ઉદ્‌ઘાટન ટાણે જ
નદી-તળાવો..
(બીજે જ દિવસે સૂક્કાં ભઠ્ઠ)

## ચિંતન

**લક્ષ્મીશ્ચેન્ન સરસ્વતી તદુભયં યદ્યસ્તિ નોદારતા સા ચૈતત્ ત્રિતયં ભવેચ્ચ કુહચિત્પુણ્યૈરગણ્યૈરપિ ।**
**સૌજન્યં ન વિજૃંભ્ભત તદપિ ચેન્નાસ્તેઅવક્ લૃપ્તા મતિસ્તત્સર્વ પરમેશ્વરસ્ય કૃપયા ત્યપ્યેવ સંભાવ્યતે ॥**

કેટલાક ઠેકાણે લક્ષ્મી હોય છે ત્યાં સરસ્વતી હોતી નથી - એટલે ધન-સમૃદ્ધિ પણ બુદ્ધિ-વિદ્યા-ભણતર ન હોય! તો વળી કેટલાક ઠેકાણે લક્ષ્મી અને સરસ્વતી બંને હોય તો હૃદયમાં ઉદારતા નથી હોતી - કંજૂસાઇને કારણે લક્ષ્મી-વિદ્યા બંને કેદમાં પડી રહે છે - વળી ક્યાંક કોઇનાં પૂર્વજન્મના પૂણ્યકર્મોને કારણે આ ત્રણે હોય, એટલે કે લક્ષ્મી-સરસ્વતી અને ઉદારતા ત્રણે હોય તો 'સજ્જનતા' નથી હોતી.

સજ્જનતાના અભાવે ધનવાન દાન તો આપે પણ અપમાન કરીને કે પોતાની ઉદારતાની નોંધ લેવડાવી ને દાન આપે છે. ભાગ્યવસાત્ આ ચારેય બાબતો પણ હોય તો ત્યાં વિચારશીલ બુદ્ધિ નિર્ણયશક્તિ નથી હોતી.

વિચારશક્તિ બુદ્ધિ ન હોવાને કારણે દાન ક્યાં - કેવા પાત્રને આપવું એની યોગ્યતા નક્કી થતી નથી. આમ, લક્ષ્મી - સરસ્વતી - ઔદાર્ય - સજ્જનતા અને વિચાર વિવેક આ પાંચે બાબત સાથે તો કોઇ ભાગ્યશાળીને જ પ્રાપ્ત થાય છે.

## સુવિચાર

- આપણે જીવન એવું જીવીએ આપણી અત્યેષ્ટિ ક્રિયા કરનાર પણ બે આંસુ સારે- **પેટ્રાર્ક**
- પ્રત્યેક મનુષ્ય આ જગતના રંગમંચ પર એક અભિનય કરવા આવે છે પોતાની જાતની પ્રવૃત્તિથી પ્રેરાઇ પોતાનો પાઠ ભજવે છે. આ જ છે. મનુષ્યનું જીવન- **ભગવતીચરણ વર્મા**
- મનુષ્યના જીવનનો અધિકાંશ ભાગ આ જ વિચારમાં ને વિચારમાં વીતી જાય છે કે - હું જીવનને નાશ પામતા કેવી રીતે બચાવીશ; પરિણામે જીવન નષ્ટ થઇ જાય છે અને આપણે જીવતા રહેવાની યોજનામાં વ્યસ્ત રહી જઇએ છીએ - **ઇમર્સન**
- માણસ કેવી રીતે મૃત્યુ પામે છે એનું સ્હેજે મહત્ત્વ નથી, પરંતુ મહત્વ તો એ વાતનું છે કે તે જીવન જીવે છે કેવી રીતે - **હજરત અલી**
- તે જીવન જીવવાની કલા ભૂલી ગયા છે જે નવા મિત્રો બનાવી શકતા નથી - **એસ.બેઅર માઇરેલ**
- ધનનું મહત્ત્વ નથી; પરંતુ જીવનનું છે. પ્રેમની સમસ્ત શક્તિ પ્રસન્નતા અને પ્રસન્નતાથી પૂર્ણ જીવનનું - **રસ્કીન**

## બોધ કથા

આજે વૃદ્ધાશ્રમનો જમાનો છે, અરે પોતાનાં બાળકોને આજના અદ્યતન વાલીઓ દૂર હોસ્ટેલમાં હાઇ સ્ટાંન્ડર્ડને બહાને મોકલી દે છે વાત્સલ્ય-હૂંફ ભૂખ્યું બાળક માતૃપ્રેમ-પિતૃપ્રેમ માટે તલખે છે, ઘરમાં કોઇ લાંબી અને કાયમી બિમારી હોય ત્યારે ઘરમાં સભ્યોની ધીરજની પણ કસોટી થઇ જતી હોય છે - અને આજના જમાનામાં અપેક્ષાઓ પણ કેટલી રખાય?

એક યુવાન પુત્ર યુદ્ધનાં કેપ્ટન તરીકે ફરજ બજાવતો હતો. તેના સત્તા-પદ-સવલતોનું મા-બાપને ગૌરવ હતું - પણ સૈનિક પુત્ર જે બચપણથી કડક શિસ્તને ખોળે જ ઉછર્યો હતો "સૈનિક શાળા" જ એનું વાત્સલ્ય ધામ હતું. એને માતા-પિતાની લાગણીનો ઊંડે ઊંડે અંદાજ હતો.

એક બપોરે પુત્રનો ફોન આવ્યો. મારા મિત્રના યુદ્ધમાં એક હાથ - એક પગ કપાઇ ગયાં છે એનું આ દુનિયામાં બીજું કોઇ નથી - તો આપણે ઘેર મોકલી દઉં સેવા કરવી પડશે પણ વળતર (નાણાંકીય) મળી રહેશે... મા-બાપે ફટ લઇને જવાબ દીધો - એક-બે મહિના બરાબર છે કાયમ માટે તો કોઇ આવાં બંધન સ્વીકારે નહીં..

બીજી સવારે, સૈન્યના અમલદારનો ફોન આવ્યો તમે આવી જાવ - તમારા પુત્રનાં યુદ્ધમાં એક હાથ અને પગ કપાઇ ગયાં હતા. સારવાર ચાલતી હતી પણ ગઇ સાંજે જ એણે આત્મહત્યા કરી લીધી..

માતા-પિતાને હવે ફોનનું રહસ્ય સમજાયું.

E-mail : sureshchandrabhatt18@gmail.com

# જો બસ પાંચ મિનિટ વહેલી પહોંચે તો...

કોફી હાઉસ
- ઉત્સવ પરમાર

ગયા હફ્તે જિંદગીની ફિલોસોફીથી વાકેફ કરાવી નાખનાર બસ અને એસ.ટી.ડેપો જો એકાએક ક્રાંતિમાંથી પસાર થઇ જાય તો? જો આ બસોમાં એસ.સી.ડી. ટી.વી.ની જગ્યાએ ટાઇમર સેટ કરેલી ઘડિયાળ ફીટ કરવામાં આવે તો સતયુગ આવી રહ્યો છે તેમ સમજવું...

કોઇ પણ દેશ કે પ્રદેશમાં માળખાગત વિકાસ તેમજ આર્થિક વૃદ્ધિ માટે બે ક્ષેત્રોનો વિકાસ અત્યંત આવશ્યક છે - પરિવહન તથા સંચાલ કે સંદેશા વ્યવહાર!! ટ્રાન્સપોર્ટ એન્ડ કમ્યુનિકેશન. આ બંને વ્યવસ્થા જેટલી સક્ષમ હશે, વિકાસ તેટલો જ ઝડપી અને મજબૂત થશે.

અનિયમિતા અને આળસથી ભરેલી આપણી બસ ધારો કે પાંચ મિનિટ વહેલી પહોંચે તો કરસનકાકા તેની પેઢીએ પાંચ મિનિટ વહેલા જઇને બેસે, તો વિનિત પાંચ મિનિટ પહેલાં રિસેપ્શન કાઉન્ટર પર વેલકમ સ્માઇલ આપે, તો પ્રોફેસર શાહની સ્ટાફ રૂમમાં લેક્ચરમાં વધુ માહિતી આપવા પાંચ મિનિટ વધારે મળે, તો મહાદેવ ફેક્ટરીમાં પાંચ મિનિટ વધુ ઉમેરી દે... જો આ બસ પાંચ મિનિટ વહેલી પહોંચે તો...!!

બસ પાંચ મિનિટ વહેલી પહોંચવાથી એ માત્ર પાંચ જ મિનિટ બચાવે છે એવું નથી... ધારો કે એક બસમાં પચાસ પેસેન્જર છે ને દરેકની પાંચ મિનિટ બચે છે - એટલે કુલ ૨૫૦ માનવ - મિનિટો એટલે એ પાંચ મિનિટ વહેલાં પહોંચવાથી કોઇ એક પ્રદેશ કે દેશના ઉત્પાદક કલાકોરમાં ચાર કલાક વધી જવાની શક્યતા રહે છે. માત્ર એક જ બસ સમયસર પહોંચે તો - માનો રોજ આવી દસ બસો - ફક્ત દસ બસ પાંચ મિનિટ વહેલી પહોંચે તો રોજનાં ચાલીસ કલાક જેટલી પ્રોડક્ટીવિટી વધી જવાની સંભાવના રહે અને આ ચક્ર આખુ વરસ ચાલે તો અંદાજે ૬૦ દિવસ જેટલી ઉત્પાદકતા વધી શકે... મતલબ એક બસ જો આખું વરસ પાંચ મિનિટ વહેલાં પહોંચે તો આખા વરસમાં બે મહિનાની ઉત્પાદકતા ઉમેરાઇ જાય... જો એક બસ પાંચ મિનિટ વહેલાં પહોંચે તો...!!

બસોમાં મનોરંજનક ટીવી ચેનલ ઇચ્છનીય છે પણ અનિવાર્ય નહીં - ઇટ ઇઝ ડિઝાયરેબલ, બટ નોટ ઇસેન્શીયલ! બસોની કાર્યક્ષમતા અને કુશળ ટાઇમ મેનેજમેન્ટ એ એકદમ અનિવાર્ય છે. સાયબર યુગમાં જ્યારે વાયરલેસ નેટવર્ક ક્રાંતિ કરી રહ્યા છે. ત્યારે સમયનો વ્યય પોસાય નહિ... ડેપો પણ રાહ જોતાં કેટલાંક મુસાફરો જીવનની કેટલી અમૂલ્ય ક્ષણો ફક્ત એક બસની રાહ જોવામાં જ વિતાવી દેતા હશે?

બસનું મોડાં પડવું એક સામૂહિક વ્યય છે - આ કલેકટીવ એક્સપેન્ડીચર!! એટલું જ નહીં - વારંવાર મોડી પડતી બસો લોકોમાં અવિશ્વાસ પેદા કરે છે - ભરોસો તોડે છે - અને તેની પરિણામી તથા અનુગામી અસરો સમગ્ર વ્યવસ્થાને શંકાની દૃષ્ટિએ જોવા લાગે છે. લોકોની ગાળો અને અખબારોનાં આરોપો વાંચીને રીઢા ગુનેગાર જેવા થઇ ચૂકેલાં કર્મચારીઓ પણ - કાર્યક્ષમતા વધારવા પ્રત્યે નિરાશાવાદી બની જાય અને વિચારી લે - જૈસે ચલતા હૈ ચલતે દો...!!

દારૂડિયાની જેમ લથડિયા ખાતી કે અસ્થમેટીક પેશન્ટની જેમ હાંફી જતી કે એનેમિક દર્દીની જેમ અડધા રસ્તે થાકીને ઊભી રહી જતી બિમાર બસો આર્થિક વિકાસને રોકી શકે છે, સમયપાલન ન કરતાં ડ્રાઇવર અને અધિકારીઓ સમાજનાં ગુનેગારો છે. ચાલો નવી ઝુંબેશ શરૂ કરી... આપણે પોતાનો હક્ક માંગીએ - વગર કોઇ યોગ્ય કારણે આપણાં જીવનની અમૂલ્ય ક્ષણો વેડફી નાંખવાનો એસ.ટી.ને કોઇ જ અધિકાર નથી...

વિકાસ ફક્ત એક - અર્થી શબ્દ નથી - તેની પાછળ ઘણા અર્થ જોડાયેલાં છે...

-ch9723367947@yahoo.com

# જે સમાજમાં મર્યાદા નથી જળવાતી તે સમાજનું માળખું અસ્તવ્યસ્ત થતાં વાર નથી લાગતી



પોઝિટિવ થિન્કિંગ
યશવંત કડીકર

## સંબંધ

મીઠો સંબંધ છે સંબંધ. સંબધ હોય તો આપણને એકલતા ન લાગે. સંબંધ તો સંબંધ જ છે. એનાં મહત્ત્વનું ઓછું મૂલ્યાંકન ના કરવું જોઇએ. એનું પોતાનું ગૌરવ હોય છે, મર્યાદા હોય છે, પરંતુ કેટલાંક સંબંધોને મહત્વ આપતાં પહેલાં ગૌરવનું પણ ધ્યાન રાખવું જોઇએ. બનેવી-સાળી, દિયર-ભાભી, માસી-ભાણેજ, નણદોઇ-સાળાવેલી, દીકરી-પિતા, સસરા-વહુ વગેરે કંઇક એવા સંબંધો છે જે એક નાની ભૂલથી બગડી શકે છે. પછી આ સંબંદોમાં વિચ્છેદ પડતાં વાર નથી લાગતી.

લગ્ન પછી એક સાધનસંપન્ન પરિવારમાં વહુ આવી તો સસરાને વહુને ભેટીને એને સ્નેહભર્યું ચુંબન કર્યું. આ જ રીતે વહુની સમજમાં એ ન આવ્યું કે આ કુટુંબ આ રીતનાં સ્નેહથી શું મેળવવા માગે છે. એ જ ને કે આ કુટુંબમાં સસરા પણ એને દીકરીની જેમ ચાહશે? પરંતુ આપણી સંસ્કૃતિમાં તો એમ માનવામાં આવે છે કે જ્યાં સુધી દીકરી બાળકી છે ત્યાં સુધી તો બરાબર, પરંતુ જ્યારે એ મોટી થઇ જાય છે, ત્યારે પિતા પોતાની પુત્રીને અને સસરા વહુને પ્રેમ અને સ્નેહથી ભેટીને કે આલિંગન આપીને નહીં, પણ માથા પર હાથ મૂકીને આશીર્વાદ આપે છે અને તે જ શોભાસ્પદ અને સારૂં લાગે છે. બાળપણથી આજ સુધી આપણે એ જ જોતા આવી રહ્યા છીએ, પરંતુ પશ્ચિમની સંસ્કૃતિ આપણે ત્યાં જે ઘૂસી આવી છે એ રીતે તો અહીં જમીનની ધૂળ ખસવા લાગી છે.

થોડાક દિવસ પહેલાં એક લગ્નમાં વરરાજાનો મિત્ર કન્યાની બહેન એટલે સાળીને હેરાન કરી રહ્યો હતો, જેમાં વરરાજા પણ સામેલ હતા. આ વર્તન તો અયોગ્ય લેખાય. સંબંધોમાં આ છેડછાડ સાચે જ પેલી જૂની માન્યતાઓ માટે ઘાતક છે, પણ આજની આ પશ્ચિમી સંસ્કૃતિની અયોગ્ય દેણ છે.

હકીકતમાં તો એ જ કુટુંબો સન્માનિત લેખાય છે, જ્યાં સંબંધોની મર્યાદા જળવાય છે. એ જ પરિવાર સુસંસ્કૃત કહેવાય છે, જે પરિવારમાં ભાભી ને દિયર, બનેવી ને સાળી, બનેવી ને સાળાવેલી, સસરા ને વહુ માનથી, નિર્દોષ હાસ્યથી, નમસ્કાર કરીને, સંસ્કારી સંવાદોથી, માનમર્યાદા જાળવીને, વડીલ સમજીને વાત કરે છે. દરેક સંબંધ ખુલ્લો હોય છે, પરંતુ મર્યાદિત અને જો કોઇ મર્યાદાની બહાર જતું લાગે તો મોટાંઓની ફરજ છે કે, એ જ ઘડીએ એ વાતનું ભાન કરાવે કે તમે મર્યાદાભંગ કરી રહ્યાં છે.

વરસાદના ટીપાની જેમ સંબંધોમાં મર્યાદા છે, સાદગી છે, શિષ્ટતા છે. અમુક સમયે રહેતો વરસાદ સોહામણો લાગે છે, નહિ તો મર્યાદા તૂટી જતાં જેમ વરસાદનું ગંદું પાણી આખા આંગણાને ગંદું કરી દે છે એ જ રીતે ગંદા સંબધો કુટુંબને કલંકિત કરી દે છે, આખી જિંદગીને બોજારૂપ બનાવી દે છે, જિંદગીમાં નીરસતા ભરી દે છે. એટલે આપણે ખાસ સંબંધોનું ગૌરવ જાળવવું જોઇએ અને મર્યાદા રાખવી જોઇએ. મર્યાદા એ તો સમાજનું ગૌરવ છે. જે સમાજમાં મર્યાદા નથી જળવાતી તે સમાજનું માળખું અસ્તવ્યસ્ત થતાં વાર નથી લાગતી. પૂર્વ અને પશ્ચિમના સમાજમાં આજે અંતર છે. પૂર્વમાં મર્યાદા છે, પશ્ચિમમાં સુધારા અને વિકાસના નામે મર્યાદાનો ભંગ કરવામાં આવે છે. એટલે આપણે સૌ મર્યાદા જાળવીએ, મર્યાદાનું ગૌરવ કરીએ અને મર્યાદાને મહત્ત્વ આપીએ.

# ગુજરાત કેટલા ટકા મીઠાનું ઉત્પાદન કરે છે?

### ● વિષય : ખેતી અને ઉદ્યોગ

(૧) ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ બોર્ડની સ્થાપના કઈ સાલમાં કરવાની આવી હતી?
(અ) ૧૯૯૧ (બ) ૧૯૯૫ (ક) ૧૯૯૭ (ડ) ૧૯૯૮
(૨) નિકાસ આધારિત પાર્કસમાં આગામી કેટલા વર્ષના નિકાસ બમણી કરવાનું લક્ષ્ય નિર્ધારવામાં આવ્યું છે?
(અ) ૭ વર્ષમાં (બ) ૧૦ વર્ષમાં (ક) ૫ વર્ષમાં (ડ) ૮ વર્ષમાં
(૩) કયો પાર્ક પર્યાવરણને નુકશાન પહોંચાડતું નથી?
(અ) હાઈટેક પાર્કસ (બ) હાઇ-એલર્ટ પાર્કસ
(ક) નિકાસ આધારિત પાર્કસ (ડ) ઈકો ઈન્ડ્સ્ટ્રીયલ પાર્કસ
(૪) એશિયાની સૌથી વિશાળ રોકાણની તક ધરાવતા રાજય તરીકે રાજય તરીકે ગુજરાત કઈ હરોળમાં સ્થાન ધરાવે છે?
(અ) પ્રથમ (બ) બીજું (ક) ત્રીજું (ડ) ચોથું
(૫) ગુજરાતમાં થયેલ રોકાણકારોના સમજૂતી કરારોમાં પરિણામે સ્વરૂપ રાજયમાં આશરે કેટલા લાખ માનવ રોજગારી ઊભી થવાની શક્યતા છે?
(અ) ૧૦ લાખ (બ) ૧૫ લાખ (ક) ૨૦ લાખ (ડ) ૨૫ લાખ
(૬) ૧૨ લાખ કરોડનું જંગી સૂચિત રોકાણનો લાભ ગુજરાતને કંઇ સાલમાં થયો હતો?
(અ) ૨૦૦૩ (બ) ૨૦૦૫ (ક) ૨૦૦૭ (ડ) ૨૦૦૯
(૭) કઈ સાલથી વાઈબ્રન્ટ શબ્દ ગુજરાતી સાહિત્ય અને આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠાની ક્ષિતિજોને ગૌરવન્તિ કરી રહ્યો છે?
(અ) ૨૦૦૦ (બ) ૨૦૦૧ (ક) ૨૦૦૨ (ડ) ૨૦૦૩
(૮) ગુજરાત કયા ભારતીય સમુદ્રના પશ્ચિમ કિનારે આવેલું રાજય છે?
(અ) ભૂરો સમુદ્ર (બ) લાલ સમુદ્ર
(ક) દ્વિપસમુદ્ર (ડ) કાસ્પિયન સમુદ્ર
(૯) સ્થાયી અમલીકરણને કારણે ગુજરાતના અર્થતંત્રે કેટલા ટકાના દરે ઔદ્યોગિક વિકાસ સાધ્યો છે?
(અ) ૭ ટકા (બ) ૮ ટકા (ક) ૧૦ ટકા (ડ) ૧૫ ટકા
(૧૦) દેશનાં કુલ ઔદ્યોગિક રોકાણમાં કેટલા ટકા જેટલું રોકાણ ગુજરાતમાં છે?
(અ) ૧૮ ટકા (બ) ૧૫ ટકા (ક) ૧૨ ટકા (ડ) ૫ ટકા
(૧૧) ગુજરાત પેટ્રોકેમિકલ્સ ઉદ્યોગમાં કેટલા ટકા ઉત્પાદન ધરાવે છે?
(અ) ૩૦ ટકા (બ) ૨૦ ટકા (ક) ૧૦ ટકા (ડ) ૫ ટકા
(૧૨) ગુજરાત ફાર્માસ્યુટિકલ ઉદ્યોગમાં કયું સ્થાન ધરાવે છે?
(અ) પાંચમું (બ) ત્રીજું (ક) બીજું (ડ) પ્રથમ
(૧૩) ગુજરાત કેટલા ટકા સોડાએસનું ઉત્પાદન કરે છે?
(અ) ૭૦ ટકા (બ) ૫૦ ટકા (ક) ૯૦ ટકા (ડ) ૪૦
(૧૪) ગુજરાત રસાયણ ઉદ્યોગમાં કેટલા ટકા ઉત્પાદન ધરાવ છે?
(અ) ૩૦ ટકા (બ) ૫૦ ટકા (ક) ૬૦ ટકા (ડ) ૮૦ ટકા
(૧૫) ગુજરાત કેટલા ટકા મીઠાનું ઉત્પાદન કરે છે?
(અ) ૫૦ ટકા (બ) ૭૦ ટકા (ક) ૪૦ ટકા (ડ) ૮૦ ટકા

### ● વિવિધા ●

**વિષય :- રોગો દ્વારા પ્રભાવિત અંગો**


● એઈડ્સ : સંપૂર્ણ શરીર ● આર્થરાઈટીસ : સાંધા ● અસ્થમા : શ્વાસનળીની પેશીઓ ● મોતીયો : આંખ ● ગ્લાઉકોમા : આંખ ● મધુપ્રમેહ : લોહી, સ્વાદુપિંડ ● ડર્મેટાઈસીસ : ચામડી ● ડિપ્થેરીયા : ગળુ ● એકઝીમા : ચામડી ● ગોઈટર : થાઈરોઈડ ગ્રંથી ● કમળો : યકૃત ● મલેરિયા : બરોળ ● મેનીન્જાઈટીસ : કરોડરજ્જુ, મગજ ● ઓટાસ : કાન ● પેરાલીસીસ : જ્ઞાનતંતુ ● પોલિયો : પગ ● પાયોરીયા : દાંત ● પ્લુરસી : ફેફશાં ● રૂમેટિઝમ : સાંધા ● ન્યુમોનિયા : ફેફસાં ● સાઈનુસીટીસ : હાડકાં ● ટાઈફોઈડ : આંતરડા ● ટી.બી. (ક્ષય) : ફેફસાં ● ટોન્સીલિટીસ : કાકડા

### ● ગયા સપ્તાહનો સવાલ...?

**સવાલ - ભા.જ.પ. અને સાથી પક્ષોનાં જૂથ (એન.ડી.એ) ના પ્રમુખ કોણ છે?**
**જવાબ - શ્રી શરદ યાદવ**

### ● સાચો જવાબ આપનાર પત્રમિત્રો :-

(૧) ઋજિત રાવલ : ૧૨૨૨/૨, સે-૭ડી
(૨) ગોમતીબેન કનુભાઈ પરમાર : સે-૨ડી
(૩) નટુભાઈ દરજી : પેથાપુર
(૪) અસ્ફાક ચૌહાણ : પિપળીયા ભાગોળ કસ્બા, ઉમરેઠ, આણંદ
(૫) રાહુલ રાવળ : સે-૩૦
(૬) મહેશ એમ. જાદવ : સે-૩૦
(૭) રૂચિત એ. પટેલ : સે-૨૯
(૮) આકાશ જી. પટેલ : સે-૨૩
(૯) સોની મયંક એલ : સે-૪ડી




### ● પૂછું એક સવાલ...?

(૧) પરમાર ગિલિકા. એલ : સે-૨૪થી
પ્રશ્ન - જેટ એન્જીન કેટલા ડીબી અવાજ કરતું હોય છે?
જવાબ - ૧૪૦ ડેસીબલ
(૨) વ્યાસ ધરા. સી : સે-૪થી
પ્રશ્ન - લેકટોમીટરનો ઉપયોગ શા માટે થાય છે?
જવાબ - દૂધની વિશિષ્ટ ઘનતા માપવા માટે
(૩) પટેલ પાર્થ એમ : સે-૨૬થી
પ્રશ્ન - અમેરિકન આકાશવાણી કયા નામે જાણીતી છે? જવાબ - વોઈસ ઓફ અમેરિકા
(૪) શર્મા કોમળ. એચ - ૨૮થી
પ્રશ્ન - ફૂટબોલના દડાનું વજન કેટલું હોય છે? જવાબ - ૩૯૬ થી ૪૫૩ ગ્રામ
(૫) પટેલ નિમિત્ત ડી. : સે-૩ (ન્યૂથી)
પ્રશ્ન - હર્ષલ ગીબ્સ કયા દેશનો ક્રિકેટર હતો? જવાબ - દક્ષિણ આફ્રિકા

### ● આ સપ્તાહનો સવાલ...?

**તાજેતરમાં પેટા ચૂંટણીમાં રાષ્ટ્રીય જનતા દળના કયા દબંગ નેતા લોકસભાની સીટ જીત્યા?**

આપના જવાબ સાત દિવસમાં મોકલવા માટેનું સ્થળ

**ગાંધીનગર સમાચાર - ખજાનો વિભાગ**

**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર**

### ● સાચા જવાબો :-

[illegible]
[illegible]

# ...પોલીસે ફોન ક્યાંથી આવે છે તે અને તેનું લોકેશન શું છે? શોધવું શરૂ કર્યું, લોકેશન ગામનું જ આવતું હતું, ગામના પાદર તરફ લોકેશન જતું હતું

## 'ગેબી ફોન કોલ'
### વાર્તા

હર્ષદરાય ઉપાધ્યાય

ગરવા ગિરનારને અઢેલીને અમરાપર ગામ વસેલું છે. બે-ત્રણ હજારની વસ્તી ધરાવતા ગામમાં કાઢી દરબારો અને ઇતર કોમનાં થોડાંક ઘર છે. ગામને પાદર તલાવડી લગભગ બારેમાસ પાણીથી ભરેલી રહેતી હોઇ ગામને પાણીનો પ્રશ્ન નથી. ગામમાં ગિરનારની કૃપા હોઇ સૌ શાંતિથી જીવન જીવતા હતા. ગામના પ્રશ્નોમાં કદી સરકારી દખલ થઇ નથી. ગામનો પ્રશ્ન ગામમુખી અને પંચ દ્વારા ઉકેલાતો હતો. પરંતુ આ વિચિત્ર પ્રશ્ન એવો ઉભો થયો હતો કે ન છૂટકે પોલીસ ને જાણ કરવી પડી હતી.

ગામના છેવાડે કહી શકાય તેવા પટેલ વાસના પશા પટેલને ઘેર થોડાક દી'થી અજાણ્યો ફોન આવવા લાગ્યો હતો. મોબાઇલ ઘરે ઘરે પહોંચી ગયા છે. ત્યારે તેમને ઘરે આવતાં આ ફોનથી સૌ ગભરાઇ ગયા હતા. કેમ કે ફોનમાં બોલનાર વ્યક્તિનો અવાજ વિચિત્ર હતો અને શું બોલે છે તે સમજાતું ન હતું. પરંતુ વિચિત્ર રડવાનો અવાજ, અને ભયાનક ચિસ તથા ડરામણા અવાજોથી સાંભળનારના છક્કા છૂટી જાય તેમ હતું. સામેનાં નંબર ઉપર કોલ કરતાં કોઇ પ્રત્યુત્તર મળતો ન હતો. અને કવરેજ બહાર બોલાતું હતું. છેવટે પોલીસમાં જાણ કરવામાં આવી.

પોલીસ તપાસ શરૂ થઇ. અને તે તપાસની ગતિ સરકારી ગતી હતી. પરંતુ વારંવાર ડરામણા ફોન આવવાની ઘટનાએ પોલીસ કાર્યવાહીમાં વેગ આવ્યો હતો. પશા પટેલને તો ઊંઘ ઉડી ગઇ હતી. વાડીએ જતાં પણ તે ગભરાતાં હતા. સુખી હતા, સારી એવી જમીન હતી અને મબલખ પાક ઉતરતો હતો. પરંતુ વાડીએ જતાં જ ફોન વારંવાર આવતા. પશાપટેલનો આત્મા ફફડી ઉઠ્યો હતો.

પોલીસે ફોન ક્યાંથી આવે છે તે અને તેનું લોકેશન શું છે? શોધવું શરૂ કર્યું. લોકેશન ગામનું જ આવતું હતું. ગામના પાદર તરફ લોકોશન જતું હતું. ગામને પાદરે સ્મશાનની ભૂમિ હતી અને ત્યાં કોઇ રહેતું ન હતું. છતાં ફોન ત્યાંથી આવતા હોઇ પોલીસે જીણવટભરી તપાસ શરૂ કરી.

સ્મશાનની બાજુમાં વેરાન ભૂમિમાં કુંવારા અને અપરણિત દિકરીઓ દફનાવાતી હતી. ત્યાં થોડાક દી' પહેલાં શંભુ ભટ્ટની દિકરીને દફનાવી હતી તે તાજા ટેકરો સિવાય લગભગ બધું ઉજ્જડ હતું. પોલીસ તપાસ કરી પાછી ફરી. બે દિવસ પછી ફરી તપાસ માટે પોલીસ ત્યાં અને આજુબાજુ તપાસ કરવા પહોંચી હતી. આ વખતે અચાનક તેમનું ધ્યાન તે દિકરીને દફનાવી હતી તે ટેકરા તરફ ગયું. તો ટેકરામાં કશોક ફેરફાર જણાયો. થોડોક ભાગ તાજી માટીનો જણાયો.

પોલીસે આ છોકરીના મૃત્યુના કારણ પૂછતાં જે જવાબો મળ્યાં તેમાં પોલીસને શંકા જન્મી હતી. અને લાશની તપાસ જરૂરી લાગતાં ત્યાં ખોદકામ કરવામાં આવ્યું. ગામલોકોનો વિરોધ હતો. પરંતુ સરકારી કામકાજમાં દખલ વધુ ન કરાય તેમ તેઓ જાણતાં હતા.

અંતે તે છોકરીની લાશ બહાર કાઢવામાં આવી. દુર્ગંધ તથા સળેલી લાશનો દેખાવ ચિતરી ચઢે તેવો હતો. પરંતુ જોનાર સૌ સ્તબ્ધ ત્યારે થઇ ગયા કે જ્યારે તેમણે તે લાશની બાજુમાં એક મોબાઇલ જોયો અને લગભગ તે મોબાઇલ છોકરીના હાથમાં દબાયેલો હતો અને ધ્યાનથી જોતાં જ તે દેખાયો હતો. પોલીસે તે મોબાઇલ કબ્જે કરી તેની તપાસ માટે મોકલ્યો. તપાસ રિપોર્ટ પ્રમાણે તે મોબાઇલ પશા પટેલનો હતો. અને તેના ઉપરથી જ પશા પટેલને નવા નંબરે ફોન આવતાં હતા. પોલીસને આ વાત ગળે ન ઉતરી તેવી લાગી અને અસંભવ લાગી છતાં સત્ય સ્વીકારવું પડે તેમ હતું. કશોક અઘોચર સંકેત જણાતો હતો. અને ફોન કોલ કશો સંકેત કરતો હતો. તેમ પોલીસ અધિકારીને સમજાયું હતું.

પશા પટેલની ઉલટતપાસ શરૂ થઇ. અને પોલીસનું ત્રીજું નેત્ર ખૂલતાં પશા પટેલ બધી વાતો કબૂલી અને સાંભળનાર સૌ ખૂન્નસે ભરાય તેવું રહસ્ય છતું થયું હતું.

જે બ્રાહ્મણ દિકરીને સાપ કરડતાં મૃત્યુ થયાની વાત જણાઇ હતી તે ખોટી વાત હતી. હકીકતમાં કાંઇક આમ હતી.

શંભુભાઇની જુવાન દિકરી તળાવડીથી એક સાંજે કપડાં ધોઇ પરત આવતી હતી ત્યારે એકાંતનો લાભ લઇ પશા પટેલે તેની ઇજ્જત લૂંટવા પ્રયત્ન કર્યો હતો. પરંતુ તે દિકરી એ ભારે વિરોધ કરતાં પશા પટેલે તેના મોંઢે ડૂચો મારી દીધો અને તે દિકરી બેહોશ બની ગઇ હતી. શેતાન પશા પટેલે તેની આબરૂં લૂંટી લીધી હતી પરંતુ ભાનમાં આવતાં ભાંડો ફૂટી જશે તો? તે બીકે કપાસમાં નંખાતી ઝેરી દવા તેને ગળે ઉતારી દીધી.

શરીર લીલું પડી ગયું અને તે દિકરી મૃત્યા પામી હતી... ગામમાં તો સાપ કરડ્યાની જૂની વાત ફેલાઇ ગઇ હતી. તેની અંતિમ ક્રિયામાં સૌ જોડાયા હતા જેમાં પશા પટેલ પણ હતા. પરંતુ દફનાવતી વખતે ખબર નહીં પણ તેમનો મોબાઇલ ખાડામાં લાશ સાથે દફનાઇ ગયો હતો.

સમગ્ર પંથકમાં આ ઘટનાથી પશા પટેલ તરફ ગુસ્સો, નફરત અને શરમ લોકો અનુભવવા લાગ્યા. કાયદેસર બધું થઇ ગયું. પરંતુ સૌના મનમાં આજે પણ આ વાત વિચાર કરી દે છે કે ફોન ત્યાં પહોંચ્યો શી રીતે? કેવી રીતે? શું છોકરીનો આત્મા ભટકતો હતો અને પશા પટેલને શિક્ષા કરવા તથા તેનો પાપનો બદલો લેવા તડપતો હતો? આ અને આવા ઘણાં પ્રશ્નો ઉપર રહસ્યનો પડદો પડેલો છે.